ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# મનપાના નાયબ કમિશનર તરીકે ડૉ. એમ.કે. પાટડિયાની નિમણુંક

## બે મહિના બાદ ડે. મ્યુનિ. કમિશનરની જગ્યા ભરાઈ હજુ આસિ. મ્યુનિ. કમિશનર સહિત ઘણી જગ્યાઓ ખાલી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મ્યુનિ. કમિશનરની જગ્યા બે માસ બાદ આજે ભરી દેવામાં આવી છે. આ જગ્યા પર રાજ્ય સરકારે ડૉ. એમ.કે. પાટડિયાની નિમણુંક કરી છે.

શ્રી ડૉ. પાટડિયાને હાલ તો આ જગ્યાનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે. તેઓ મહિલા અને બાળ વિકાસ કમિશનરની કચેરીમાં ડેપ્યુટી ડાયરેક્ટર તરીકે સેવાઓ ઉપરાંત નાયબ મ્યુનિ. કમિશનર તરીકેની જવાબદારી પણ સંભાળશે.

ડૉ. પાટડિયાએ આજે સવારે તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે અને તેમણે કોર્પોરેશનના અધિકારીઓ સાથે બેઠક યોજી કામગીરીની સમીક્ષા પણ કરી લીધી છે.

ડૉ. પાટડિયાએ આજે જણાવ્યું હતું કે શહેરની સફાઈ એ તેમના માટે અગ્રતા છે અને તે માટે શહેરને ચાર ઝોનમાં વિભાજીત કરી અસરકારક કામગીરી હાથ ધરશે. તેમણે જણાવ્યું હતું કે પાટનગર સ્વચ્છ અને હરિયાળુ બનાવવા માટેના ભરપૂર પ્રયાસો કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે ડોર ટુ ડમ્પીંગની કાર્યવાહી પણ ઝડપથી અમલી બને તે જોશે.

ગાંધીનગર મહાનગરપાલિકાના ત્રીજા નાયબ મ્યુનિ. કમિશનર તરીકે નિમાયેલા શ્રી પાટલિયા અગાઉ સુરેન્દ્રનગર અને સાવરકુંડલા ખાતે ફરજો બજાવી ચુક્યા છે.

મહાનગરપાલિકામાં આ જગ્યા ૩૧મી ડિસેમ્બરના રોજ તાત્કાલિક અધિકારી એન.એસ. જાદવ વયમર્યાદાને લઈ નિવૃત્ત થતા ખાલી હતી. આ જગ્યાનો વધારાનો હવાલો આસિ. મ્યુનિ. કમિશનરશ્રી સંભાળતા હતા.



વિજ્ઞાન મેળો - વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પરત્વેની રૂચિ-અભિરૂચિ વધુ કેળવાય તેના પ્રયાસ રૂપે નગરની જાણીતા શિક્ષણ સંસ્થા માઉન્ટ કાર્મેલ ખાતે વિજ્ઞાન મેળાનું આયોજન કરાયું હતું. વિદ્યાર્થીઓએ અવનવા સંશોધનાત્મક પ્રયોગો અને પ્રકલ્પો દ્વારા પોતાની આંતરિક શક્તિને પ્રસ્થાપિત કરવાનો સકારાત્મક પ્રયાસ કર્યો હતો. વાલીઓ અને વિજ્ઞાન પ્રેમીઓ મોટી સંખ્યામાં વિજ્ઞાન મેળાની મુલાકાતે આવ્યા હતા. (તસવીર : દિપક જાની)



## સાંભળ્યુ છે કે...

....ઈન્ફોસીટી વિસ્તારમાં 'યક્ષિતા હોસ્પિટલ'ને બાકી ભાડાના મામલે મકાનમાલિકોએ સીલ મારી દીધુ.

....ગાંધીનગરમાં વધુ એક સાપ્તાહિક 'ગાંધીનગર પ્લસ'નો મહાશિવરાત્રીથી ઉદય થઈ રહ્યો છે.

....દૂધ સાગર ડેરીના ચેરમેન વિપુલ ચૌધરીના સે. ૨૬ સ્થિત પંચશીલ ફાર્મ પર મહાશિવરાત્રીએ શિવ મહાપૂજાનું આયોજન થઈ રહ્યું છે.

....ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના બે-ત્રણ ટોચના આગેવાનો ભાજપમાં જોડાઈ રહ્યાની વાતો જોરશોરથી ચાલે છે.. અને એક ધારાસભ્ય પણ.

....ગાંધીકથાકાર નારાયણ દેસાઈ લેખિત નાટક 'કસ્તુરબા' આગામી સપ્તાહે સાદરા અને રાંધેજા ખાતે રજુ કરાશે.

....દોસ્ત, હું છું ગુજરાત અભિનવ કાર્યક્રમ સ્કૂલ ઓફ એચીવર દ્વારા વાર્ષિકોત્સવ નિમિત્તે યોજાશે જેમાં દિગ્ગજ કલાકારો ગાંધીનગર આવે છે.

# ધો. ૧૦ની પરીક્ષા માટે સાત લાયઝન અધિકારીઓ

## સાતમીથી આરંભાતી પરીક્ષાઓ માટે જિલ્લા વહીવટીતંત્રના ૭ અધિકારીઓ લાયઝન અધિકારી તરીકે નિમાયા

ગાંધીનગર, તા. ૨

આગામી ૭મી માર્ચથી રાજ્યભરમાં શરૂ થઈ રહેલી ધો. ૧૦ અને ૧૨ની પરીક્ષા માટે જિલ્લાની ચારેય તાલુકાની શાળાઓમાં પરીક્ષાર્થીઓને તકલીફ ના પડે તે માટે જિલ્લા શિક્ષણ વિભાગને મદદરૂપ થવા સાત લાયઝન અધિકારીઓની નિમણુંક જિલ્લા કલેક્ટરશ્રીએ કરી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ધો. ૧૧માં ૩૦,૭૧૭ વિદ્યાર્થીઓ અને ધો. ૧૨માં ૧૮,૨૮૬ વિદ્યાર્થીઓ પરીક્ષા આપનાર છે.

આ જાહેર પરીક્ષાઓના સુચારૂ સંચાલન માટે લાયઝન અધિકારીશ્રીઓની નિમણુંક કરવામાં આવી છે. આ અધિકારીઓ સંવેદનશીલ પરીક્ષા કેન્દ્ર સહિત જિલ્લાની વિવિધ શાળાના કેન્દ્રો પર સતત દેખરેખ રાખશે.

લાયઝન અધિકારી તરીકે પ્રાંત અધિકારી કલોલ, મામલતદાર કલોલને કલોલ માટે લાયઝન અધિકારી તરીકે નિમવામાં આવ્યા છે. જ્યારે મામલતદાર હક્ક પત્રક તરીકે કલેક્ટર કચેરીને સરઢવ, મુબારકપુર તેમજ જે.એમ. ચૌધરી વિદ્યાલયના લાયઝન અધિકારી તરીકે નિમવામાં આવ્યા છે.

દબાણ મામલતદારને છાલા, મગોડી અને ચંદ્રાલા શાળના લાયઝન અધિકારી, દહેગામ મામલતદારને નાંદોલ ઉપરાંત તમામ શાળાઓના મામલતદાર ગાંધીનગરને તાલુકાની તપાસ શાખાઓના અને મામલતદાર માણસાને માણસા તાલુકાની તમામ શાળાઓના લાયઝન અધિકારી તરીકે ફરજો બજાવશે.

મળતી વિગતો પ્રમાણે ધો. ૧૦ની પરીક્ષા જિલ્લાની ૭૪ શાળાઓમાં અને ધો. ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા જિલ્લાની ૩૮ શાળાઓમાં એટલે કે બિલ્ડીંગોમાં યોજાશે.

શિક્ષણ વિભાગે મુક્ત અને નિષ્પક્ષ વાતાવરણમાં પરીક્ષાઓ યોજાય તે માટે લાયઝન અધિકારીઓ ઉપરાંત સ્થાનિક સ્કવોડ, ફ્લાઈંગ સ્કવોડ સહિતની રચના કરી દેવામાં આવી છે.

શિક્ષણ તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે વર્ષ ૨૦૧૧-૧૨ની સરખામણીમાં ચાલુ વર્ષે આ પરીક્ષામાં પરીક્ષાર્થીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે.

આ સૂત્રોના જણાવ્યા પ્રમાણે ધો. ૧૦માં ૨૩૪૨ વિદ્યાર્થીઓ અને સામાન્ય પ્રવાહમાં ૧૨૫૩ વિદ્યાર્થીઓનો વધારો નોંધાયો છે.

શિક્ષણતંત્ર દ્વારા આ પરીક્ષાના સફળ આયોજન માટે પૂરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે. આ માટેના રૂટ પણ નિયત કરી દેવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે. આ માટે તંત્રએ એક વિશેષ કાર્યયોજના પણ તૈયાર કરી દીધી છે.

# પાટનગર યોજનામાં પાંચ મહિનાથી લેન્ડલાઈન ફોન બંધ હાલતમાં

## પાણી-ગટર, રસ્તા સહિતના કામોની જવાબદારી સંભાળતુ તંત્ર સંપર્ક વિહોણું

ગાંધીનગર, તા. ૨

શહેરમાં પાણી-ગટર તેમજ રસ્તા સહિતના મહત્વના કામોની જવાબદારી સંભાળતા પાટનગર યોજના ભવનનું તંત્ર છેલ્લા પાંચ મહીનાથી સંપર્ક વિહોણું બની ગયું છે. પાટનગર યોજનાની તમામ ડીવીઝનલ કચેરીઓમાં મહીનાઓથી ટાટાના લેન્ડલાઈન ફોન ડેડ હાલતમાં છે. કેબલ લાઈનમાં ફોલ્ટ સર્જાયો હોવાથી કોમ્યુનિકેશન સેવા ખોરવાઈ હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. આ સ્થિતિ વચ્ચે અરજદારોએ પણ પારાવાર હાલાકી ભોગવવી પડે છે. બીજીતરફ વહીવટી કામગીરી ઉપર પણ વિપરિત અસર પડી છે.

પાટનગરમાં સેક્ટરવાસીઓને પાણી અને ગટર સહિતની પાયાની સુવિધાઓ પુરી પાડવા કાર્યરત પાટનગર યોજના ભવનમાં છેલ્લા પાંચ મહીનાથી ટાટાના લેન્ડલાઈન ફોન બંધ હાલતમાં છે. પાટનગર યોજના ભવનની વિવિધ ડીવીઝનલ કચેરીમાં ફોનસેવા ઠપ્પ થઈ જતા અધિકારીઓએ પણ મુંઝવણમાં મુકાવાનો વારો આવ્યો છે. બીજી તરફ ફોન મારફતે સંપર્ક કરવા મથતા અરજદારોએ પણ પારાવાર હાલાકી ભોગવવી પડે છે. ટાટાના લેન્ડલાઈન ફોન મહીનાઓથી ડેડ હાલતમાં હોવાથી વિભાગની વહીવટી કામગીરી પર વિપરિત અસર થવા પામી છે. જ્યારે ફોન લાઈનમાં કોઈ ટેકનીકલ મોટો ફોલ્ટ સર્જાયો હોવાથી ફોન સેવા ઠપ્પ થઈ ગઈ હોવાનું પણ ધ્યાને આવ્યું છે. વિભાગના અધિકારીઓ દ્વારા પણ આ મામલે અનેકવાર રજૂઆત કરવા છતાં કોઈ પગલા લેવાયા નથી. શહેરમાં પાણી-ગટર, રસ્તા અને લાઈટ સહિતની પાયાની સુવિધા પુરી પાડતા તંત્રની કોમ્યુનિકેશન સેવા છીનવાઈ જતા અધિકારીઓએ ઓફીશીયલ ટોક માટે માત્ર મોબાઈલ આધારિત રહેવું પડે છે. જ્યારે આમ નાગરિકોએ નાની-સરખી રજૂઆત માટે પણ ઓફિસ સુધી ધક્કા ખાવાનો વારો આવ્યો છે.



શુભારંભ મુહુર્ત ક્યારે - ગાંધીનગર જેના માટે છેલ્લા પાંચ વર્ષથી રાહ જૂએ છે તેવું નયનરમ્ય સેક્ટર-૧નું તળાવ તૈયાર થઈ ગયું છે... આજુબાજુ હરિયાળી સુંદર આચ્છાદિત થઈ છે... એક ચોમાસામાં થોડું પાણી પણ ભરાયું... બધા જ પ્રકારના ચકાસણીના આયોજનો સંપન્ન થઈ ગયા. હવે માત્ર શુભારંભ માટેના ચોઘડીયાની રાહ જોવાય છે...

# દીન દયાલ ઈન્સ્ટીટ્યૂટના બિલ્ડીંગનું ૧.૯૭ કરોડના ખર્ચે રીનોવેશન કરાશે

## લેડીઝ હોસ્ટેલ અને ઓડીટોરીયમમાં નવું ફર્નિચર બનશે

ગાંધીનગર, તા. ૨

સે. ૧૪માં દીનદયાલ ઈન્સ્ટીટ્યૂટના બિલ્ડીંગ રીનોવેશન માટે રૂ. ૧.૯૭ કરોડનો ખર્ચ કરવામાં આવશે. વહીવટી બિલ્ડીંગ, લેડીઝ હોસ્ટેલ તેમજ ઓડીટોરીયમને કોર્પોરેટ લૂક આપવાનુ કામ હાથ ધરવામાં આવશે.

એકબાજુ શહેરમાં સ્થિત વિવિધ સરકારી કચેરીઓને તબક્કાવાર કોર્પોરેટ લૂક આપવામાં આવી રહ્યો છે. જૂની-પુરાની સરકારી બિલ્ડીંગો તેમજ અંદરની કચેરીઓને કોર્પોરેટ ટચ આપવાની સાથે સુવિધાસભર બનાવવા નવતર અભિગમ કેળવાયો છે. જ્યારે અન્ય સંસ્થાકીય બિલ્ડીંગની કાયાપલટ કરવા પણ કવાયત હાથ ધરવામાં આવી છે. સે. ૧૪ સ્થિત દીનદયાલ ઈન્સ્ટીટ્યૂટના બિલ્ડીંગની કાયાપલટ કરવા પણ ટૂંકમાં કામ હાથ ધરાશે. લેન્ડ રેવન્યુ વિભાગ દ્વારા આ માટે ગ્રાન્ટ ફાળવી દેવાઈ છે જ્યારે આ કામગીરીને વહીવટી મંજુરી આપી દેવાતા ટૂંકમાં ટેન્ડરપ્રક્રિયા હાથ ધરાશે. સૂત્રોના જણાવ્યા અનુસાર વહીવટી બિલ્ડીંગમાં લેડીઝ હોસ્ટેલ તેમજ ઓડીટોરીયમનું પણ રીનોવેશન હાથ ધરાશે. આ કામગીરી પાછળ રૂ. ૧.૯૭ કરોડનો ખર્ચ થશે. બિલ્ડીંગમાં હોલ સિલીંગ, બારી દરવાજા ઉપરાંત રંગરોગાન સહીત લેડીઝ હોસ્ટેલ અને ઓડીટોરીયમમાં આધુનિક ફર્નિચર બનાવવાનું પણ કામ હાથ ધરાશે. ટેન્ડર પ્રક્રિયા બાદ આગામી સમયમાં કામ શરૂ કરી દેવાશે.

# ખાનગી એકમોમાં ૧૫ દિવસમાં કેમેરા લગાડી દેવા તાકીદ કરાઈ

## આઈ.જી.ની સુચનાથી તમામ પોલીસમથકના અમલદારોએ બેન્ક, હોટલ, પેટ્રોલપંપ સહિતના એકમોના માલીક સાથે બેઠક યોજી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરમાં સુરક્ષા અને સલામતીની બાબતોને ધ્યાને લઈને જિલ્લા કલેક્ટર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા ફરજીયાત સીસીટીવી કેમેરા તથા સિક્યુરીટી ગાર્ડના જાહેરનામાનું ચુસ્તપણે પાલન કરાવવા રેન્જ આઈ.જી.ની સુચનાથી જિલ્લાનાં તમામ પોલીસમથકના અમલદારોએ ખાનગી એકમોના સંચાલકો તથા માલીકો સાથે તબક્કાવાર બેઠકો ગોઠવીને ૧૪ દિવસમાં નાઈટ વિઝન એચ.ડી. રેકોડીંગ વાળા કેમેરા લગાડવા તાકીદ કરી છે. મુદત બાદ પણ જો કોઈ માલીક કે સંચાલક દ્વારા કેમેરા લગાડવામાં આવ્યા નહી હોય તો તેમના વિરૂદ્ધ જાહેરનામા ભંગ બદલ ગુનો દાકલ કરીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

ક્રાઈમના પ્રિવેન્સન અને ડિટેક્શન સહિત જિલ્લાની સલામતી અને સુરક્ષાના હેતુસર જિલ્લાની તમામ

● અનુસંધાન પાન-૭ પર

# કલેક્ટર કચેરીમાં ૪ નાયબ મામલતદારો બદલાયા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર કલેક્ટર કચેરીમાં આજે ચાર નાયબ મામલતદારોની બદલીના હુકમો જારી કરવામાં આવ્યા છે.

વિધાનસભાની ચૂંટણી દરમ્યાન ખર્ચ મોનીટરીંગ સેલમાં ઉભી કરાયેલી જગ્યાઓ ચૂંટણી સંપન્ન થયા બાદ હવે આ નાયબ મામલતદારોને હવે નવી જવાબદારી સોંપવામાં આવી છે.

નાયબ મામલતદાર શ્રી વાય.એ. ઝાલાને નાયબ મામલતદાર મધ્યાહન ભોજન યોજના તરીકે, બી.એન. રબારી ના. મામલતદાર મ.ભો.પો.ને ઝોનલ ઓફિસર મામલતદાર કચેરી, શ્રી કે.બી. બારિઆ નાયબ મામલતદારને નાયબ મામલતદાર મ.ભો.યો. ગાંધીનગર મામલતદાર કચેરી ખાતે તથા નાયબ મામલતદાર પુરવઠા તરીકે મામલતદાર કચેરી ગાંધીનગરમાં ફરજ બજાવતા શ્રી આર.ડી. પટેલને સર્કલ ઓફિસર ગાંધીનગર તરીકે નિમણુંક કરવામાં આવી છે.

# આગામી ૭મીથી બે દિવસ હવામાન બદલાવાની આગાહી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના જાણીતા હવામાન શાસ્ત્રી અંબારામ પટેલે જણાવ્યું છે કે સાતમીથી બે-ત્રણ દિવસ માટે હવામાનમાં પલ્ટો આવશે-વાદળછાયું વાતાવરણ રહેશે.

માર્ચ ૨૦૧૩ દરમિયાન હજુ પણ દેશના પશ્ચિમ ક્ષેત્રોમાં હવામાન કથળી જવાની વકી સાથે કમોસમી વરસાદ થવાની ધારણા છે. ગ્રહો તેમજ આ વખતની વિશિષ્ટ ભૂ-ભૌગોલિક સ્થિતિના લીધે ધારણા રહે. વળી ગ્રહોની તેમજ પવન વાહક અને જળદાયક નક્ષત્રનાડીના યોગો જોતા દેશના ઉત્તર પર્વતીય ભાગોમાં હિમવર્ષા કે ઠંડકના વરસાદની સાથે સાથે પશ્ચિમોત્તર ભાગો-મહારાષ્ટ્ર, તામિલનાડુ, બંગાળમાં કમોસમી વરસાદની સાથે ગુજરાત-સૌરાષ્ટ્ર કચ્છના કોઈ કોઈ ભાગોમાં પણ વાદળછાયુ અને હવામાનમાં પલટા જણાય. આગામી દિવસોમાં ઉનાળુ કૃષિ પાકોમાં વાવેતર માટે હવામાન સાનુકુળ જણાય.

માર્ચ-૪થી હવામાનમાં પલટો આવે અને દેશના પશ્ચિમ ક્ષેત્રોમાં કમોસમી વરસાદની વકી રહે. તા. ૫, ૬ ગરમી વધે અને ઉનાળાના ચિન્હો જણાય. જયારે માર્ચ ૭ થી ૧૪માં દેશના ઉતરીય-પૂર્વીય પર્વતીય પ્રદેશોમાં હવામાન કથળી જવાની વકી રહે.

## પૂજ્ય દાદી, મારી પ્રાર્થના સાંભળજો....



**સ્વ. જયાબા વાઘેલા**
**સ્વ. તા. ૩-૩-૨૦૧૩**

પૂજ્ય દાદી,

આપના પ્રેમ, વાત્સલ્ય અને હુંફથી મને કુરદતે વંચિત કર્યો...

આપના આત્માને ચિર:શાંતિ મળે, અને મને આપના ચિર: આશીર્વાદ મળતા રહે તેવી આપની પ્રથમ માસિક પુણ્યતિથિએ પ્રભુ પ્રાર્થના...

આપનો પૌત્ર
**પ્રિયરાજસિંહ ડી. વાઘેલા (ભોલુ) તથા પરિવાર, અમદાવાદ**




TMT BARS - ISI
TATA
STEEL • PIPES • SHEETS
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ




**ભાડે આપવાનું છે**

3BHK, રો-હાઉસમાં પ્રથમ માળે, હરિધામ એન્કલેવ, રાયસણ પેટ્રોલ પંપની નજીક, હાઈવ ટચ, ગાંધીનગર

મો. : ૯૯૨૫૮ ૩૨૮૮૦
મો. : ૭૮૭૪૯ ૦૫૦૬૪




Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com